# કાણોદર ગ્રામ પંચાયતના પાંચ સભ્યોના રાજીનામાં

## ૨૦ વર્ષથી ગટરનું કામ અધ્ધરતાલ રહેતા ગ્રામ પંચાયતના સભ્યોના રાજીનામા

પાલનપુર તાલુકાના કાણોદર ગામ ના ઈન્દીરાનગર વિસ્તારમાં ગટર લાઈન ન હોવાના કારણે ચોમાસામાં ગંદુ પાણી ભરાઈ જાય છે. જ્યાં ભયંકર રોગચાળો પ્રસરવાની દહેશત વચ્ચે ગટર લાઈન નાંખવા તેમજ સફાઈ કરવા માટે વારંવાર રજૂઆતો કરવા છતાં ગ્રામપંચાયત દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી. આ મુદ્દે શનિવારે રહીશોએ હોબાળો મચાવ્યો હતો. અને ગ્રામપંચાયતના સભ્યો સામે રજુઆત કરતાં આ સભ્યો સરપંચ સમક્ષ ગયા હતા. પરંતુ સરપંચ દ્વારા ધ્યાન ન અપાતા પાંચેય સભ્યો પાલનપુર તાલુકા પંચાયત ખાતે દોડી આવી પોતાના હોદ્દા ઉપરથી રાજીનામાં ધરી દેતા ભારે ચકચાર મચી જવા પામી છે.

પાલનપુર તાલુકાના કાણોદર ગામમાં ગ્રામપંચાયત દ્વારા વિકાસના કામો થઈ રહ્યા છે. પણ ગામના છેવાડાના વિસ્તારોમાં જાણે વ્હાલા દવાલાની નિતી અપનાવવામાં આવી છે. જ્યાં ઈન્દિરાનગર વિસ્તાર તો ગ્રામપંચાયતના તાબામાં આવતો જ ન હોય તે હદે રહીશો સાથે ભેદભાવ રાખવામાં આવી રહ્યો છે. સમગ્ર ગામમાં વિકાસના કામો અંતર્ગત ગટર લાઈન નાખવામાં આવી છે. પરંતુ ઈન્દીરાનગર વિસ્તારમાં ગટર લાઈન ન હોવાના કારણે ચોમાસામાં ગંદા પાણી ભરાઈ જાય છે. જ્યાં ભયંકર રોગચાળો પ્રસરવાની દહેશત રહે છે. આ સ્થળે ગટર લાઈન નાંખવા તેમજ સફાઈ કરવા માટે વારંવાર રજૂઆતો કરવા છતાં ગ્રામપંચાયત દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી. આ મુદ્દે શનિવારે રહીશોએ હોબાળો મચાવ્યો હતો. અને ગ્રામપંચાયતના સભ્યો સામે રજુઆત કરતાં આ સભ્યો સરપંચ સમક્ષ ગયા હતા. પરંતુ સરપંચ દ્વારા ધ્યાન ન અપાતા પાંચેય સભ્યો પાલનપુર તાલુકા પંચાયત ખાતે દોડી આવી પોતાના હોદ્દા ઉપરથી રાજીનામાં ધરી દેતા ભારે ચકચાર મચી જવા પામી છે.

### નાના ભૂલકાઓનો શુ વાંક ?

આ અંગે ગ્રામ પંચાયત સભ્ય પનીબહેનએ જણાવ્યું હતું કે, ખુલ્લી ગટરમાં ગંદુ પાણી વહી રહ્યું છે. આ ગટર લાઈનની બાજુમાં પ્રાથમિક શાળા નંબર ૩ આવેલી છે. જ્યાં ભારે બદબુથી નાના બાળકો ભયાનક રોગચાળાનો ભોગ બને તેવી દહેશત છે. વળી ચોમાસામાં અહીંયા ગટરના ગંદા પાણી ભરાઈ રહેતા રહીશો ત્રાહિમામ પોકારી જાય છે. વારંવાર રજૂઆતો કરવા છતાં સરપંચ દ્વારા અમારો અવાજ સાંભળવામાં આવતો નથી. એટલે નાછૂટકે અમો ૫ સભ્યો રાજીનામું આપ્યું છે.

### રાજીનામુ આપનારા સભ્યો

૧. પેથાભાઈ બેચરભાઈ રાઠોડ
૨. પનીબેન પરસોત્તમભાઈ ચાવડા
૩. કમલેશભાઈ નરોત્તમભાઈ પંચાલ
૪. અર્જુનજી ગોડાજી ઠાકોર
૫. વિજય ચમનજી માજીરાણા.

# ડીસા હાઈવે પરથી દારૂ ભરેલી વૈભવી ગાડી સાથે ત્રણ શખ્સો ઝડપાયા




ડીસા

બનાસકાંઠાની એલસીબી પોલીસે ડીસા હાઈવે પરથી વિદેશી દારૂ ભરેલ ટોયોટા કોરોલા ગાડી સાથે બે શખ્સોને ઝડપી લેતા ડીસા ઉત્તર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાતના ડી.જી.પી. ના આદેશાનુસાર બનાસકાંઠાના પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજરે જિલ્લામાં દારૂ જુગારની પ્રવુતિને નેસ્ત નાબૂદ કરવા કડક અમલવારીની સૂચના આપતા એલસીબી પોલીસના ઈન્ચાર્જ પી. આઈ. જે.એચ. સિંધવના માર્ગદર્શન મુજબ એલસીબીના પ્રોબેશન પીએસઆઈ એમ.આર. મોહનીઆ એલ.સી.બી. ટીમના નરેશભાઈ, દિગ્વિજયસિંહ, જયપાલસિંહ, મહેશભાઈ, કુલદીપસિંહ તથા નિકુલસિંહ સાથે ડીસા ઉત્તર પોલિસ મથકના વિસ્તારમાં પેટ્રોલીગમાં નીકળ્યા હતા એ દરમ્યાન બાતમીના આધારે ડીસા હાઈવે પર જલારામ મંદિર પાસે નાકાબંધી કરી હાઈવે પરથી પસાર થઈ રહેલી **GJ-08-CJ-6245** નંબરની વૈભવી કોરોલા ગાડીને આંતરી તલાશી લેવાતા આ ગાડીમાંથી ૫૮,૮૦૦ રૂપિયાની કિંમતનો ૫૮૮ બોટલ વિદેશી દારૂ તથા બીયર મળી આવ્યો હતો.આ સફળ ઓપરેશન દરમ્યાન એલસીબી પોલીસે ગાડીમાં બેઠેલા હરેશભારથી વાઘભારથી ગૌસ્વામી (રહે. ગોળવાસણા, તા.સરસ્વતી), જશવંતજી નટવરજી ઠાકોર (રહે. અઘાર તા.સરસ્વતી) તથા દેવુસિંહ શાતુંસિંહ સોલંકી (રહે.બુરાલ તા.ડીસા)ને બે મોબાઈલ ફોન અને ગાડી સહિત કુલ ૨,૬૪,૮૦૦ રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ડીસા ઉત્તર પોલીસના હવાલે કરતા ઉત્તર પોલીસે પ્રોહિબિશન એકટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બનાસકાંઠામાં દારૂની રેલમછેલ કરતા બુટલેગરો પર પોલીસની તવાઈ

## એક જ દિવસમાં ૬૩ સામે કાર્યવાહી : પોણા લાખનો દારૂ કબ્જે લેવાયો

દેશી, વિદેશી દારૂના મુદ્દે રાજકીય વાતાવરણ ગરમાયું છે. ત્યારે બનાસકાંઠામાં પોલીસ દ્વારા જુદી જુદી ટીમો બનાવી જુદાજુદા હોવા છતાં બુટલેગરો કાયદાના ધજીયા ઉડાવી રહ્યા છે. જ્યાં છેલ્લા બે દિવસથી દારૂના મુદ્દે રાજકીય વાતાવરણ ગરમાયું છે. ત્યારે અંગે એલસીબી પીઆઈ જે. એચ. સિંઘવે જણાવ્યું હતું કે, જિલ્લામાં જુદાજુદા સ્થળોએ ઓચિંતા છાપા મારી એક જ દિવસમાં ૬૩





સ્થળોએ ઓચિંતા છાપા મારવામાં આવ્યા હતા. જ્યાં એક જ દિવસમાં ૬૩ બુટલેગરો સામે કાર્યવાહી કરી પોણા લાખનો દેશી- વિદેશી દારૂ ઝડપી લેવામાં આવ્યો હતો. અને રેડ દરમિયાન નાસી ગયેલા શખ્સોને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

રાજયમાં કડક દારૂબંધી ગાંધીનગર પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી દ્વારા સમગ્ર રાજયમાં ડ્રાઈવ કરવા સૂચના આપવામાં આવી છે. જે અંતર્ગત બનાસકાંઠા જિલ્લા પોલીસવડા નીરજ બદગુજર દ્વારા કરાયેલા આદેશના પગલે એલસીબી સહિતની જુદીજુદી ટીમો બનાવવામાં આવી હતી. આ બુટલેગરો સામે જુદીજુદી કલમો મુજબ ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૩૪ શખ્સોની તાત્કાલિક ધરપકડ કરવામાં આવી છે. જ્યારે ૨૯ નાસતા ફરતા શખ્સોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કરાયા છે. દારૂની બદી સામેની આ કાર્યવાહી હવે પછીના સમયમાં પણ ચાલુ રહેશે.

# પાલનપુરમાં એક કંપનીએ કરોડો રૂપિયાનું ફુલેકું ફેરવ્યું હોવાની રાવ

પાલનપુર

પાલનપુરમાં કલ્પતરૂ નામની કંપની એ કરોડો નું ફુલેકુ ફેરવી કંપની ના સંચાલકો ફરાર થઈ જતા રોકાણકારો ને રાતા પાણી એ રોવાનો વારો આવ્યો છે. અને હવે મામલો એસ.પી. કચેરીએ પહોંચ્યો હોવાના વાવડ મળ્યા છે.

છેલ્લા કેટલાય વર્ષો થી પાલનપુર શહેરમાં ગોબરી રોડ પર આવેલ કલ્પતરૂ નામની મથુરાની કંપનીએ જુદી જુદી સ્કીમની લાલચ આપી ગ્રાહકોને જમીનના પ્લોટ આપવા ના બદલે રોકાણકારો પાસેથી કરોડો રૂપિયા લીધા હોવાના આરોપ સંચાલકો સામે થઈ રહ્યા છે.

આ કંપનીએ ૪૦૦ થી વધુ એજન્ટ બનાવી ૧૦૦૦ થી વધુ ગ્રાહકો પાસેથી ૨૫ કરોડથી વધુ રકમ લઈને છુમંતર થઈ ગયા હોવાની બૂમરાણ વચ્ચે હવે ઘોડા નાસી ગયા પછી તબેલાને તાળા મારવા નીકળેલા રોકણકારો અને એજન્ટોએ કલ્પતરુ કંપની સામે ફોજદારી ગુનો દાખલ કરવા માટે જિલ્લા પોલીસવડા ને લેખિતમાં રજુઆત કરી હોવાના અહેવાલ સાંપડ્યા છે.

# વજાપુર પાસેથી ૨.૩૪ લાખનો દારૂ પકડાયો

હિંમતનગર, તા. ૯

ગાંભોઈ ભિલોડા રોડ પર આવેલ બામણા ત્રણ રસ્તા પાસેથી દારૂ ભરીને ફિલ્મી ઢબે ભાગી ગયેલી એક કારને આર.આર.સેલે શનિવારે વજાપુર પાસેથી પકડી લઈ તેમાંથી રૂ. ૨.૩૪ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી લઈ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

આ અંગે આર.આર.સેલ ગાંધીનગરને એવી બાતમી મળી હતી કે રાજસ્થાનથી ભિલોડા થઈ એક દારૂ ભરેલી કાર અમદાવાદ તરફ જઈ રહી છે. જે આધારે પોલીસે બામણા ત્રણ રસ્તા નજીક વોચ ગોઠવીને વાહનોનું ચેકીંગ હાથ ધર્યુ હતુ. દરમિયાન અહીંથી પસાર થતી ગાડી નં. જીજે.૦૧.કેઆર.૯૩૪૭ને ઉભી રખાવવાની કોશિષ કરવા છતા કારનો ચાલક ભાગી ગયો હતો. જેથી આર.આર.સેલે તેનો પીછો કરી આ કારને ગાંભોઈ નજીક આવેલ વજાપુર પાસેથી ઝડપી લીધી હતી. જોકે દારૂ ભરીને આવતો કારનો ચાલક ભાગી જતા પોલીસે દારૂ ભરેલી આ કારને ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં લાવી તપાસ કરતા તેમાંથી રૂ. ૨.૩૪ લાખનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. જે અંગે ગાંભોઈ પોલીસે રૂ. ૪ લાખનો મુદ્દામાલ કબજે લઈ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# અરવલ્લી જીલ્લા આંગણવાડી કર્મચારીઓને

# બે મહિનાનો પગાર અને ત્રણ મહિનાનું ભાડાભથ્થું ન મળતા હાલત કફોડી

મોડાસા, તા. ૯

ગુજરાત રાજ્ય સરકાર વાઈબ્રન્ટ ગુજરાત ગતિશીલ ગુજરાતની જોરશોરથી કરતી જાહેરાત અને સરકારની તમામ કચેરીઓ ઓનલાઈન કરવાની વાતો વચ્ચે આંગણવાડીમાં ફરજ બજાવતા કર્મચારીઓનો પગાર અને ભાડાપેટે ચાલતી આંગણવાડી મકાનોના ૩ તેની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. કર્મચારીઓ તેમના ખિસ્સામાંથી કે હાથ ઉછીના કરી ભાડા ચુકવવાની નોબત આવી છે.

અરવલ્લી જીલ્લામાં ફરજ બજાવતા આંગણવાડી કર્મચારીઓનો પગાર ઓનલાઈન સિસ્ટમથી ચુકવણી કરવાની પ્રક્રિયામાં અટવાતા ૨ મહિનાથી આંગણવાડી કાર્યકર જીવનજરૂરિયાત ચીજવસ્તુઓ અને તેમના બાળકોના અભ્યાસની ફી સહીત અભ્યાસની સામગ્રી લાવવાના ફાફા પડી રહ્યા છે. ભાડાના મકાનમાં ચાલી રહેલી આંગણવાડીઓના છેલ્લા ૩ મહિનાનું ભાડા ભથ્થું ન ચુકવાતા આંગણવાડી કાર્યકરો ખિસ્સામાંથી કે હાથ ઉછીના કરી ભાડા ચૂકવવા



મહિનાથી ભાડાભથ્થું ન મળતા ભાડા ન ચુકવાતા હાલત કફોડી બની છે. ૨ મહિનાનો પગાર અટવાતા કારમી મોંઘવારીમાં ગુજરાન ચલાવવું ખુબજ અઘરું પડી રહ્યું છે. આંગણવાડી કાર્યકરો અને તેડાગર કર્મચારીઓમાં ભારે રોષ ફેલાયો છે. આંગણવાડી કર્મચારીઓનો પગાર અને મકાનોના ભાડા તાત્કાલિક અસરથી ચૂકવાય અને તેડાગર બહેનોનો પગાર અને ભાડાના મકાનોમાં ચલાવતી આંગણવાડી પેટે અપાતા ભાડાભથ્થાના નાણાં ન ચુકવાતા કર્મચારીઓની હાલત કફોડી બની છે. બાળકોને ભણવાની અને યોગ્ય રીતે ઉછેરની જવાબદારી નિભાવનાર કર્મચારીઓ કારમી મોંઘવારીમાં મુશ્કેલીઓ વેઠવી પડે છે. મજબુર બનતા ‘‘પડતા પર પાટુ’’ જેવો ઘાટ સર્જાયો છે. હાલ આંગણવાડી કર્મચારીઓ આર્થિક સંકડામણ અનુભવી રહ્યા છે. આંગણવાડી કર્મચારીઓમાં સરકાર સામે છૂપો રોષ જોવા મળી રહ્યો હોવાની સાથે પગાર અને મકાનોના ભાડા ભથ્થું તાત્કાલિક ચુકવવામાં આવેની માંગ પ્રબળ બની છે.

## શ્રી ઔદીચ્ય સહસ્ત્ર સત્તાવીસ બ્રહ્મસમાજ યુવા ગ્રુપ દ્વારા

# પાલનપુર ખાતે તેજસ્વી તારલા સન્માન સમારોહ યોજાયો

પાલનપુર, તા. ૯

શ્રી ઔદિચ્ય સહસ્ત્ર સત્તાવીસ બ્રહ્મસમાજ યુવા ગ્રુપ દ્વારા સમાજનો ૧૨મો તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં ધો.૧થી ૧૨માં પ્રથમ ત્રણ ક્રમાંકે આવેલા તેજસ્વી છાત્રોને સન્માનિત કરાયા હતા.




શ્રી સત્તાવીસ ઔદીચ્ય સહસ્ત્ર બ્રહ્મ સમાજનો સન્માન સમારોહ પાલનપુર નગરપાલિકાના ઉપ પ્રમુખ હેતલબેન રાવલના મુખ્ય મહેમાનપદે સમાજની વાડી ખાતે યોજાયો હતો. જેમાં સમાજના પ્રમુખ પ્રકાશભાઈ જોશી, પૂર્વ મંત્રી કાંતિલાલ રાવલ સહિત કાર્યક્રમના દાતાઓ તરીકે કનૈયાલાલ ગૌ. જોષી (મડાણા-ગઢ) તથા ગં.સ્વ. તારાબેન અમૃતલાલ જોષી (માલણ) તથા ગુણવંતભાઈ કેશવલાલ રાવલ (હોડા) અને આજીવન દાતા રમણલાલ એ. જોષી (વેડંચા) તથા આશ્વાસન ઈનામના આજીવન દાતા ગં.સ્વ. રમાબેન નવનીતલાલ રાવલ હાજર રહ્યા હતાં. જેઓના વરદ હસ્તે સમાજના ધો.૧ થી ૧૨ના પ્રથમ ત્રણ ક્રમાંકે આવેલા ૬૨ જેટલા છાત્રોને ટ્રોફી, સર્ટિફિકેટ અને એક ગિફટ આપી સન્માનિત કરાયા હતા.

આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લામાં ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૮૯.૨૦ ટકા સાથે છઠ્ઠા ક્રમાંકે આવી સમાજનું ગૌરવ વધારનાર જિલ્લા ભાજપ મીડિયા સેલના કન્વિનર સંજય જોશીની સુપુત્રી કુ. રિયા જોશીને પણ તાળીઓના ગડગડાટ વચ્ચે સન્માનિત કરાઈ હતી. આ પ્રસંગે ઉપસ્થિત અગ્રણીઓએ સમાજના વિકાસ માટે શિક્ષણ પર ભાર મુક્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા યુવા ગ્રુપના સભ્યોએ અપાર જહેમત ઉઠાવી હતી.





સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના પિપલીયા ગામની પ્રાથમિક શાળાના ૧૩૫ બાળ વિદ્યાર્થીઓને નોટો-ચોપડા, કંપાસ અને અન્ય જરૂરી પુસ્તકોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. તલોદ ગૃહ ઉદ્યોગના માલીક દિપકભાઈ ચોટાઈ તથા અન્ય દાતાશ્રીઓએ આ માટે દાનની ઉમદા સરિતા વહાવી હતી. શાળાના આચાર્ય મહેશભાઈ પટેલ સ્ટાફ પરિવાર અને દાતાઓના સથવારે ચાલુ સાલે પણ આ પ્રશંસનીય અને પ્રેરણાદાયી કામગીરી સફળતાપૂર્વક બજાવી હતી.

# સાબરકાંઠાના વડાલીના બહુચર્ચિત લવજેહાદની લગ્ન નોંધણી ભિલોડાના મઉ ગ્રામ પંચાયતમાં થયા

વડાલી, તા. ૯

સાબરકાંઠાના વડાલી ગામે પરણિત મુસ્લિમ યુવાન ગામની જૈન




સમાજની યુવતીને એક મહિના અગાઉ ભગાડી ગયા બાદ સોશ્યલ મીડિયામાં યુવતી સાથેના ફોટા અને લગ્ન નોંધણી સર્ટિફિકેટ સાથેની પોસ્ટ વહેતી થતા મામલો બિચક્યો હતો. અને યુવતીના પરિવારજનો સહીત વડાલી ગામમાં અને સાબરકાંઠા જિલ્લા સહીત હિન્દૂ સંગઠનોમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા અને વડાલી સજ્જડ બંધ પાડી લોકોના ટોળેટોળા પોલીસે સ્ટેશનમાં ઉમટતા અને ઉગ્ર વિરોધ કરતા હડકંપ મચ્યો હતો. મુસ્લિમ યુવકે જૈન યુવતીને લલચાવી ફોસલાવી ભગાડી અરવલ્લીના ભિલોડા તાલુકાના મઉ ગામે નોંધણી કરાવી હોવાનું બહાર આવતા ભારે હોબાળો મચ્યો હતો.

લવ જેહાદમાં લગ્ન નોંધણીના તાર ભિલોડાના મઉ ગ્રામ પંચાયતના તલાટીએ લગ્ન રજીસ્ટરમાં નોંધણી કર્યા બાદ વ્હાઈટનાર લગાવી ચેડાં કરાયા હોવાનું બહાર આવતા અજંપાભરી સ્થિતિનું નિર્માણ થયું હતું. યુવતીના પરિવારજનો મઉ ગ્રામપંચાયતમાં દોડી ગયા હતા અને તપાસ કરતા ગ્રામ પંચાયતના તલાટીએ આવા કોઈ લગ્નની નોંધણી ન થઈ હોવાનો દાખલો આપ્યા બાદ સમગ્ર ઘટનાક્રમ બહાર આવતા તલાટીની કામગીરી શંકાના દાયરામાં આવી ગઈ છે. સાબરકાંઠા ના વડાલીના રહીશ પ્રેમી યુગલે તારીખ ૧-૬-૨૦૧૮ના રોજ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના મઉ ગ્રામપંચાયત માં લગ્ન રજીસ્ટરમાં ૪૦ નંબરથી નોંધાવી લગ્નનું રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને લગ્ન કરનાર યુગલને લગ્ન સર્ટિફિકેટ પણ આપી દીધું હતું આ લવ જેહાદની વાત વાયરલ થતા સમગ્ર મામલો બીચકયો હતો અને આ બાબતે યુવતીના વ્હાલી વારસોએ તપાસનો દોર શરૂ કર્યો હતો. જ્યાં લગ્ન રજીસ્ટર કરાવ્યું હતું તે ભિલોડાના મઉ ગ્રામપંચાયતના તલાટી પાંડવે લગ્ન નોંધણી ક્રમાંક ૪૦માં વડાલીના પ્રેમી યુગલની નોંધણીના સ્થાને અન્ય વ્હાઈટનર મારી લગ્ન રજીસ્ટરમાં ચેડાં કર્યાનું બહાર આવતા ખળભળાટ મચી જવા પામ્યો હતો.

# પ્રાંતિજ ખાતે કોંગ્રેસ દ્વારા શક્તિ પ્રોજેક્ટ ટ્રેનીંગ કેમ્પ યોજાયા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા શકિત પ્રોજેકટમાં મેમ્બર થવાનો એક ટ્રેનની ટ્રેનીંગ કેમ્પ તાલુકા પંચાયતના વિશાળ સભા હોલમાં યોજાયો.



પ્રાંતિજ ખાતે કોંગ્રેસ દ્વારા શકિત પ્રોજેકટ હેઠળ કોંગ્રેસ કાર્યકરોના નામ નોંધણીનો કાર્યક્રમ યોજાયો હતો. શકિત પ્રોજેકટમાં જોડાવવા માટે રાહુલ ગાંધીનો સંદેશો પણ મોબાઈલના માધ્યમથી ઉપસ્થિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનોને સંભળાવવામાં આવ્યો હતો. શકિત પ્રોજેકટમા અને કોંગ્રેસ સાથે સીધાં જોડાવવા માટે ૯૭૦૨૪૨૨૨૦૦ મોબાઈલ નંબર ઉપર પોતાનો મતદારનો ઓળખપત્ર નંબર મેસેજ બોક્ષમાં (એસએમએસ)માં ટાઈપ કરી અને નંબર મોકલી નોંધણી કરવાની સમજ આપી હતી.

# સિદ્ધાર્થ પબ્લિક સ્કૂલમાં ચોરી કરવાનો પ્રયાસ કરાતા ફરીયાદ

હિંમતનગરના કાટવાડ વિસ્તારમાં આવેલ સિદ્ધાર્થ પબ્લિક સ્કૂલમાં રવિવારે આઠ અજાણ્યા ઈસમોએ આવીને ચોરી કરવાનો પ્રયાસ કરી એક શખ્સ પાસેથી રૂ. ૧૫૬૦ની લૂંટ કરી ભાગી ગયા હતા. જે અંગેની ફરીયાદ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે આગીયોલના ગીરીશભાઈ પશાભાઈ વણકરે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ રવિવારે રાત્રીના સુમારે આઠ અજાણ્યા શખ્સોએ સિદ્ધાર્થ પબ્લિક સ્કૂલમાં પ્રવેશ કરી તેમના પર કોઈપણ કારણ વગર લાકડીઓ તથા જીવલેણ હથીયારોથી ઈજા પહોંચાડી હતી અને તેમાના ખીસ્સામાંથી આ અજાણ્યા શખ્સો મોબાઈલ તથા રોકડ મળી રૂ. ૧૫૬૦ની મત્તાની લૂંટ કરી હતી અને આ શખ્સોએ શાળાના કાર્યાલય તથા સ્ટાફરૂમનો દરવાજો તોડી અંદર પ્રવેશી ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. જેથી ગીરીશભાઈ વણકરે આ અજાણ્યા આઠ શખ્સો વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# હિંમતનગરમાંથી કાર ચોરાઈ

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ શિવમ સોસાયટીમાં ઘર આગળ પાર્ક કરેલ રૂપીયા દોઢ લાખની કિંમતની કાર ત્રણ દિવસ અગાઉ અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયો હતો. જે અંગે કારના માલિકે ત્રણ અજાણ્યા શખ્સ વિરૂદ્ધ શનિવારે હિંમતનગર એડીવીઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી. આ અંગે શિવમ સોસાયટીમાં રહેતા હવી હર્ષદભાઈ સુથારના જણાવાયા મુજબ તેમણે ગત તા. ૭ જુલાઈના રોજ પોતાની કાર નં. જીજે.૧૯.એમ.૦૯૦૯ ને પોતાના ઘર આગળ પાર્ક કરીને મુકી હતી.